## બ્રિટિશ લંગ ફાઉન્ડેશનને સહાય આપવા, કૃપા કરીને નીચેનું ફોર્મ ભરો.

કૃપા કરીને મને વધુ માહિતી નીચેના વિષે મોકલો:
[ ] બ્રિટિશ લંગ ફાઉન્ડેશનમાં જોડાવું
[ ] નિયમિત આપવું [ ] રોકડ અને રેફલ અરજીઆ
[ ] પરૌલ આપવ [ ] પ્રસંગા
[ ] કંપની સહાય [ ] વારસો
[ ] યાદગીરી માટે ભેટો અને બ્રીથ ઑફ લાઈફ ફંડ્સ

હા, નીચે મુજબ યોગદાન કરવાની મારી ઈચ્છા છે:
[ ] £10 [ ] £15 [ ] £30 અન્ય: £ _________ દ્વારા
[ ] ચેક/પોસ્ટલ ઑડર (**બ્રિટિશ લંગ ફાંઉન્ડેશન**ના નામનો), અથવા
[ ] ક્રેડિટ / ડેબિટ કાર્ડ (કૃપા કરીને તમારી પસંદ પર કૂંડાળું કરો):
માસ્ટર કાર્ડ / વિઝા / CAF (ચેરિટી કાર્ડ) / માસ્ટ્રો / ડેલ્ટા
કાર્ડ નં.

_ _ _ _ / _ _ _ _ / _ _ _ _ / _ _ _ _ / _ _ _ _

સિક્યોરિટી નં. _ _ _ (તમારા કાર્ડની પાછળના છેલ્લા ૩ આંકડા)
અંતિમ તારીખ _ _/_ _ ઈશ્યુ નં. ______ (ફક્ત માસ્ટ્રો માટે)

કાર્ડધારકની સહી ____________________________ તારીખ __/__/__

કૃપા કરીને આ ફોર્મ અને જો તમે યોગદાન કરતાં હો તો તમારી ભેટ અહીં મોકલાવો: Appeals Team, British Lung Foundation, FREEPOST SW1233, London EC1B 1BR

**તમારી વિગતો (કૃપા કરીને કેપિટલ અક્ષરો વાપરો):**

ટાઈટલ __________ પ્રથમ નામ ____________________________

અટક ____________________________________________

સરનામું __________________________________________

______________________________ ટપાલસંજ્ઞા ______________

ટેલિફોન __________________________________________

ઈમેલ ____________________________________________

અમે સ્વચલિતરીતે તમારી ભેટ મળી ગયાની માહિતી તમને મોકલીશું. જો તમને તે ન જોઈતી હોય તો અહીં ટીક કરો [ ]

giftaid it **બ્રિટિશ લંગ ફાંઉન્ડેશનમાં તમે આપેલ દરેક £1 ને ગિફ્ટ એઈડ £1.28 ની કિંમતનો બનાવે છે.**

[ ] હા, હું કરદાતા છું અને હું બ્રિટિરા લંગ ફાઉન્ડેશનને મેં છેલ્લાં છ વર્ષમાં આપેલ દરેક ફાળા પર અને ભવિષ્યનાં દરેક ફાળા પર, હું ન જણાવું ત્યાં સુધી ટેક્સ રિક્લેઈમ કરે.
[ ] ના હું UKનો કરદાતા નથી તારીખ __ /__ /____

કૃપા કરીને યાદ રાખો કે: ગિફ્ટ એઈડનાં હકદાર બનવા માટે, તમે જે ઈન્કમટૅક્સમાં કે કેપિટલ ગેઈન્સ ટેક્સમાં ચૂકવો છો તે રકમ ટેક્સ વર્ષમાં અમે દાવો કરેલ રકમના જેટલી કમ સે કમ હોવી જોઈએ.

અમે, સમયે સમયે, અમુક સખાવતી સંસ્થાઓને તમારો સંપર્ક કરવા જણાવી શકીએ છીએ. જો તમારે આ સંવાદિતા ન જોઈતી હોય તો, કૃપા કરીને અહીં ટીક કરો [ ]

ઑક્સિજનથી તમને મદદ મળી શકે છે કે કેમ, તે નક્કી કરવા માટે તમારાં ડૉક્ટરનો સંપર્ક કરો જેઓ હૉસ્પિટલમાં તમારાં પરિક્ષણની વ્યવસ્થા કરશે. ત્યાં તમારાં રક્તમાં ઑક્સિજનનું સ્તર તપાસવામાં આવશે. જો જરૂર લાગે તો, ઘરે ઑક્સિજન કોન્સન્ટ્રેટરનો ઉપયોગ કરીને તમને ઑક્સિજનની ભલામણ કરવામાં આવી શકે છે. આ એક વીજળી સંચાલિત મશીન છે જે તમારાં ઘરમાં હવામાંથી ઑક્સિજન લે છે. તમે નેસલ ‘કેન્યુલ’ દ્વારા ઓક્સિજન શ્વાસમાં લઈ શકો છો (નાની, નરમ પ્લાસ્ટિકની ટ્યુબ જે તમારા નસકારામાં ગોઠવાઈ જાય છે) અથવા માસ્ક પહેરી શકો છો. કોન્સન્ટ્રેટરમાંથી આવતી ઑક્સિજન પુરવઠા ટ્યૂબ ઘણાં ફૂટ લાંબી હોય છે, આથી તમારી ઑક્સિજન સારવાર લેતી વખતે તમે ઘરમાં હરીફરી શકો છો.

કેટલાંક લોકોને પોટેર્બલ ઑક્સિજન આપવામાં આવે છે તેમ જ કોન્સન્ટ્રેટર આપવામાં આવે છે. ઘણાં નાનાં ઑક્સિજન સિલિન્ડર ઉપલબ્ધ હોય છે. તે ઘણાં કલાકો સુધી ચાલે છે અને તેનઁથી શૉપિંગ કે સફર સળ બને છે.

એકવાર તમારી ઑકિસજન જરૂરિયાતનું મૂલ્યાંકન થઈ જાય, ત્યાર પછી ઑક્સિજન પુરવઠા કંપની દ્વારા તમને ઑક્સિજન પૂરો પાડવામાં આવશે. તમારા રહેવાસની જગ્યા પ્રમાઁણે કઈ કંપની પુરવઠો આપશે તેનો આધાર રહે છે. હૉસ્પિટલ તમને બધી વિગતો આપશે.

UK અને યુરોપમાં સફર કરતી વખતે તમને ઑક્સિજન મળે તે માટે પણ તમારી ઑક્સિજન પુરવઠા કંપની વ્યવસ્થા કરશે.

**યાદ રાખો, COPD માટે સરાવાર છે અને જેટલી જલદી તમે મદદ લેશો એટલું તમારાં માટે સારું છે.**

સંબંધિત પ્રકાશનો:
COPD - નિદાન અને સારવાર (પુસ્તિકા)
COPD - COPD સાથે જીવન (પુસ્તિકા)
ગોઈંગ ઑન હૉલિડે વીથ એ લંગ કન્ડિશન (પુસ્તિકા)
પલ્મોનરી રિહેબિલીટેશન (ચોપાનિયું)

તબીબી રીતે છેલ્લી સમીક્ષા: સપ્ટેમ્બર 07
© બ્રિટિશ લંગ ફાઉન્ડેશન 2007

# બ્રિટિશ લંગ ફાઉન્ડેશન

UK–માં દર સાત વ્યક્તિએ એક વ્યક્તિ ફેફસાંનાં રોગથી અસરગ્રસ્ત હોય છે. ભલે એ હળવો દમ હોય કે ફેફસાનું કૅન્સર, બ્રિટિશ લંગ ફાઉન્ડેશન તે બધા માટે છે.

અમે આ કરીએ છીએ:

- ફેફસાંના રોગોથી પીડાતા લોકોને તેમને સહેવી પડતી મુસીબતોમાં અમે **સહાય** કરીએ છીએ. સહાય એ અમારી ઘણી બધી પ્રવૃત્તિઓનું કેંદ્ર છે, જેમાં સમાવિષ્ટ છે બ્રીથ ઈઝી, અમારું રાષ્ટ્રવ્યાપી સહાય નૅટવર્ક.
- અમે લોકોને તેમની સ્થિતિ સમજવામાં મદદ કરીએ છીએ. અમે કાગળ, વેબસાઈટ પર, અને ટેલિફોન દ્વારા સઘન અને સ્પષ્ટ માહિતી પૂરી પાડીને આ સહાય કરીએ છીએ.
- ફેફસાના આરોગ્યમાં સકારાત્મક **ફેરફાર** લાવવા અમે કાર્યરત છીએ. અમે અભિયાન દ્વારા, જાગરૂકતા કેળવીને અને વિશ્વસ્તરીય સંશોધન માટે ફાળો આપીને આ કાર્ય કરીએ છીએ.

કૃપા કરી બ્રિટિશ લંગ ફાઉન્ડેશનના સભ્ય બની અમારી સંસ્થામાં **જોડાવ** અને અમારા અગત્યના કાર્ય માટે સહાય કરો. સભ્યોને અમારા ત્રિમાસિક સામાયિકો અને અન્ય લાભો આપવામાં આવે છે. જોડાવા માટે, સામે આપેલ સંપર્ક વિગતોનો ઉપયોગ કરતાં અમારો સંપર્ક કરો.

ઈંગ્લેન્ડ અને વેલ્સની રજીસ્ટર્ડ ચેરિટી-નં. 326730
સ્કોટલેન્ડમાં જીસ્ટર્ડ ચેરિટી- નં. SC 038415

## બ્રિટિશ લંગ ફાઉન્ડેશન

**મુખ્ય કાર્યાલય**
73-75 Goswell Road
London EC1V 7ER
ટેલિ: 020 7688 5555

**રાષ્ટ્રીય અને પ્રાદેશિક ઑફિસો**

લંડન અને સાઉથ
ટેલિ: 020 7688 5555
ઈમેલ: londonandsouth@blf-uk.org

મિડલેન્ડ
ટેલિ: 0116 249 5780
ઈમેલ: midlands@blf-uk.org

નોર્થ
ટેલિ: 0191 263 0276
ઈમેલ: north@blf-uk.org

નોર્થ વેસ્ટ
ટેલિ: 0151 224 7778
ઈમેલ: northwest@blf-uk.org

ઉત્તરી આયરલેન્ડ
ટેલિ: 0141 248 0050
ઈમેલ: northernireland@blf-uk.org

સ્કૉટલેન્ડ
ટેલિ: 0141 248 0050
ઈમેલ: scotland@blf-uk.org

સાઉથ વેસ્ટ
ટેલિ: 0117 300 4080
ઈમેલ: southwest@blf-uk.org

વેલ્સ
ટેલિ: 01792 455 764
ઈમેલ: wales@blf-uk.org

હેલ્પ લાઈન: 08458 50 50 20
ઈ–મેલ: enquiries@blf-uk.org
વેબ: www.lunguk.org

BRITISH LUNG FOUNDATION

(Gujarati)

# ક્રોનિક ઓબ્સ્ટ્રક્ટિવ પલ્મનરી ડિસીઝ (COPD – chronic obstructive pulmonary disease)

- હેલ્પ લાઈન: 08458 50 50 20
- ઈ-મેલ: enquiries@blf-uk.org
- વેબ: www.lunguk.org

BRITISH LUNG FOUNDATION

# COPD શું છે?

COPD નો અર્થ છે ક્રોનિક ઓબ્સ્ટ્રક્ટિવ પલ્મનરી ડિસીઝ. ક્રોનિક બ્રૉન્કાઈટિસ (શ્વાસનળીમાં સોજો) અને એમ્ફીસીમા (હવા ભરાવાથી થતાં સોજા) સહિત; ઘણી બધી પરિસ્થિતિઓ માટે આ શબ્દ વપરાય છે.

COPD ના કારણે ફેફસાંનો શ્વસનમાર્ગ ક્ષતિગ્રસ્ત બને છે જેનાથી તે સાંકડા બને છે અને પરિણામે હવાને ફેફસાંમાંથી બહાર અને અંદર જવામાં મુશ્કેલી પડે છે. ‘ક્રોનિક’ શબ્દનો અર્થ એ છે કે આ સ્થિતિ લાંબા-સમયથી છે.

## કેટલીક વ્યાખ્યાઓ

- **ક્રોનિક બ્રૉન્કાઈટિસ:** બ્રૉન્કાઈટિસનો અર્થ છે ‘બ્રોન્કાઈ (શ્વાસનળી)નો સૌજો’. આ નળીઓ અથવા તો શ્વસન માર્ગો છે જે હવામાંથી ઓક્સિજનને ફેફસા સુધી લઈ જાય છે. આ સોજાને કારણે શ્વસન માર્ગમાં મ્યુકસ (લાળ)નું ઉત્પાદન વધી જાય છે જેનાથી કફ પેદા થાય છે અને તેના કારણે તમને ઉધરસ આવે છે.
- **એમ્ફીસીમા:** આ એ સ્થિતિ છે જેમાં ફેફસામાં રહેલ અલ્વીઓલી (હવાની કોથળી) પોતાની સ્થિતિ સ્થાપકતા (ઈલાસ્ટીસિટી) ગુમાવે છે. આને કારણે શ્વસનમાર્ગને મળતો ટેકો ઘટી જાય છે અને તે સાંકડા બને છે. તેનો અર્થ એ પણ છે કે શરીરને પૂરતાં પ્રમાણમાં ઓક્સિજન આપવા માટે ફેફસા પૂરતાં સક્ષમ નથી, તેથી તમને શ્વાસ લેવામાં તકલીફ પડે છે. આ પરિસ્થિતિને પરિણામે શ્વાસ ખેંચાય છે.

## COPD શેનાં કારણે થાય છે?

COPD થવાનું સૌથી સામાન્ય કારણ છે ધૂમ્રપાન. એક વાર તમે ધૂમ્રપાન છોડી દો પછી તમને ધીમે ધીમે COPD થવાની સંભાવના ઘટી જાય છે – અને જો તમને પહેલેથી COPD હોય તો તેનો વધારો ધીમો થઈ જાય છે.

વ્યવસાયિક પરિબળો, જેવા કે કોલસાનાં રજકણ, અને કેટલીક વારસાગત ખામીઓ પણ COPD માટેનું કારણ બને છે. જ્યારે પ્રદૂષણ તેનું કારણ છે કે નહીં તે મુદ્દો શોધ હેઠળ છે.

## COPD નિદાન કેવી રીતે થાય છે?

ઉધરસ, કફ, અને શ્વાસ ચડવો એ COPD માટેના લક્ષણો હોઈ શકે છે. કેટલાંક લોકોને આ લક્ષણો શિયાળામાં દેખાય છે, અથવા તો તેઓ તેમને બ્રૉન્કાઈટિસ કે ‘ધૂમ્રપાન કરનારનો કફ’ ગણી લે છે. તેનો અર્થ એ છે કે રોગના પ્રારંભિક તબક્કામાં તેઓ કદાચ મદદ લેતાં નથી. તમે જેટલી જલ્દી સારવાર લો એટલું તમારા માટે સારું છે.

નિદાનની ખાતરી કરવાનો સૌથી શ્રેષ્ઠ ઉપાય છે સ્પાઈરોમેટ્રી. આ એક સરળ શ્વાસોચ્છ્વાસ પરિક્ષણ છે જે તમે તમારા જનરલ પ્રેક્ટિશનરની સર્જરીમાં કરાવી શકો છો. તમારે ફક્ત મશીનમાં ફૂંકવાનું હોય છે. તેનાથી તમારો શ્વસનમાર્ગ સાંકડો થયો છે કે નહીં તે નક્કી થશે. કેટલાંક કિસ્સાઓમાં તમારે વધુ વિસ્તૃત તપાસની અને હૉસ્પિટલની સલાહની જરૂર પડી શકે છે.

## લોકો કેવું અનુભવે છે?




COPD લક્ષણો, તે કેટલી હદે ખરાબ છે અને લોકોએ પોતાની સમસ્યાને કેવી રીતે અપનાવી છે તેના આધારે, બદલાતા રહે છે. હળવા કિસ્સાઓમાં, લક્ષણો જેવા કે ઉધરસ, કફ અને શ્વાસ ચડવો જેવી સમસ્યાઓ શિયાળા દરમ્યાન કે શરદી પછી થતી હોય છે. ઘણાં વધારે ગભીર કિસ્સાઓમાં, રોજ શ્વાસ ખેંચાવાની તકલીફ થઈ શકે છે. ગંભીર COPDની સ્થિતિમાં શ્વાસ રૂંધાવાને કારણે, સામાન્ય પ્રવૃત્તિઓ કરવામાં પણ મુશ્કેલી ઊભી થઈ શકે છે.

શ્વાસ ખેંચાવાને કારણે COPDની સ્થિતિમાં અસ્વસ્થતાનો અનુભવ થઈ શકે છે. શ્વાસ ન ચડે તે માટે COPD ધરાવતી વ્યક્તિઓ પોતાની પ્રવૃત્તિઓ ઓછી કરે છે. પરંતુ પ્રવૃત્તિઓનું સ્તર ઓછું કરીને તમે ઓછા ચુસ્ત રહેશો અને જ્યારે તમે કોઈપણ કામ કરવાનો પ્રયત્ન કરશો ત્યારે તમને વધુ શ્વાસ ચડશે. COPD ધાવતી વ્યક્તિઓ આ સ્થિતિ ઘટાડવા માટે પોતાની જીવનશૈલી બદલી શકે છે – પરંતુ બને તેટલા ચુસ્ત રહેવું જરૂરી છે.

કેટલીક હૉસ્પિટલો પલ્મોનરી રિહેબીલીટેશન (શ્વસન પુનર્વસન) અભ્યાસક્રમ ચલાવે છે. આ કાર્યક્રમોમાં કસરત અને શિક્ષણ આપવામાં આવે છે. પલ્મોનરી રિહેબિલીટેશનથી તમારી કસરતની સ્થિતિ, તમારું આરોગ્ય અને જીવનશૈલી સુધરે છે. તમારા ડૉક્ટર/નર્સ તેના વિષે તમને વધુ જણાવી શકે છે.

અકળામણ અને તાણને ઘટાડવા પરિવાર અને મિત્રોની હૂંફ ખૂબ મદદરૂપ થાય છે. BLFન બ્રીથ ઈઝી સપૉર્ટ નૅટવર્ક COPD અને ફેફસાંની તકલીફ ધરાવતાં લોકોને જાણકારી અને સલાહ પૂી પાડે છે. વધુ માહિતી માટે, પાછળ આપેલ બ્રીથ ઈઝીનાં સરનામે સંપર્ક કરો.

### શું આપણે COPD અટકાવી શકીએ?

એકવાર COPD થયા પછી તેને દૂર કરી શકાતો નથી, પરંતુ સારવારથી મદદ મળી શકે છે. મોટા ભાગની વ્યક્તિઓ માટે ધૂમ્રપાન બંધ કરવાથી COPD થવાનું જોખમ ઘટી જાય છે અને તે તેના વિકાસને પણ ધીમો કરે છે. તેમ છતાં, કેટલાંક લોકોને અન્ય કારણસર COPD થાય છે જે રોકવાનું મુશ્કેલ હોય છે.

## સારવાર

COPD માટે કોઈ સારવાર નથી પરંતુ તેના લક્ષણોને હળવા કરવા માટે ઘણું બધું થઈ શકે છે.

- **ધૂમ્રપાન બંધ કરવાથી** - ધૂમ્રપાન બંધ કરવાથી તમારા ઉધરસ અને કફમાં સુધારો થશે.
- **ભોજન** - તમારા વજનનું ધ્યાન રાખો, યોગ્યર આહા લો અને બને તેટલા ગતિશીલ રહો.
- **બ્રોન્કોડાઈલેટર્સ** - જો તમારા મુખ્ય લક્ષણોમાં શ્વાસ ખેંચાવાની સમસ્યા હોય તો, તમને બ્રોન્કોડાઈલેટરથી ફાયદો થઈ શકે છે. બ્રોન્કોડાઈલેટર એક પ્રકારનું ઈન્હેલર છે જે તમારા શ્વસનમાર્ગને પહોળો બનાવવા માટે દવા પૂરી પાડે છે. બ્રોન્કોડાઈલેટર અલગ અલગ પ્રકારનાં હોય છે જે અલગ અલગ રીતે કાર્ય કરે છે અને જો તેમને સાથે વાપરવામાં આવે તો લાભદાયક થઈ શકે છે.
- **નેબ્યુલાઈઝર્સ** - નેબ્યુલાઈઝર્સ દવાનો મોટી માત્રામાં ડોઝ આપે છે પરંતુ ઈન્હેલર્સ પણ એટલા જ અસરકારક છે. તમને શું આપવામાં આવી રહ્યું છે તેનો આધાર સારવાર પ્રત્યેની તમી ગ્રહણ શક્તિ પર આધા રાખે છે.
- **સ્ટીરોઈડ્સ** - જો તમને અચાનક વધારે પડતો શ્વાસ ખેંચાય અને તમારા લક્ષણો ખૂબ બગડી જાય તો તમે એવી પરિસ્થિતિનો અનુભવ કી રહ્યા છો જે ‘એક્સાસરબેશન’ (ઉત્તેજીન) તરીકે ઓળખાય છે. તમારા ડૉક્ટર તમને થોડા દિવસ માટે નાની માત્રામાં સ્ટીરોઈડ આપી શકે છે. કેટલાંક લોકો નિયમિત રીતે સ્ટીરોઈડ ઈન્હેલર લે છે પરંતુ તમારાં માટે તે કેટલું જરૂરી છે તે તમારાં ડૉક્ટર જણાવશે.
- **એન્ટિબાયોટિક્સ** - જો તમારા કફનો રંગ બદલાય, અને તે વધુ ચીકણો હોય, કે વધુ પ્રમાણમાં હોય તો, તમારા ડૉક્ટર તમને એન્ટિબાયોટિક્સ પર રાખી શકે છે.
- **ફ્લુની રસી** - દરેક પાનખરમાં ફ્લુની રસી હિતાવહ છે, કારણકે ફ્લુથી પણ એક્ઝાસરબેશન્સ થાય છે.

**એક્ઝાસરબેશન્સ – તે ફલરે-અપ તરીકે પણ જાણીતું છે – COPDમાં સામાન્ય છે, પરંતુ નિયમિત રૂપે સારવાર લેવાથી તેનું અવધિ ઘટાડી શકાય છે. કોઈપણ પ્રકારના એક્ઝાસરબેશન માટે શક્ય હોય તેટલી જલદીથી સારવાર મેળવો.**

## ઑક્સિજન શું છે?

COPD ધરાવતા કેટલાંક લોકોના રક્તમાં ઑક્સિજનનું સ્તર નીચું હોય છે. ઑક્સિજન દ્વારા આ સમસ્યાની સારવાર થઈ શકે છે, પરંતુ તે શ્વાસ રૂંધાવાની સમસ્યાનું સમાધાન નથી કરતી. જો તમારા રક્તમાં ઑક્સિજનનું પ્રમાણ નીચું હોય તો ઘરે લાંબા-ગાળા સુધી ઑક્સિજનનો ઉપયોગ કરવાથી તમને ફાયદો થઈ શકે છે.

## બ્રિટિશ લંગ ફાઉન્ડેશનને સહાય કરો

### તમે ઘણી રીતે અમને મદદ કરી શકો છો:

**સભ્ય બનો:** બ્રિટિશ લંગ ફાઉન્ડેશનના સભ્ય બનીને, તમે અમારા અવાજમાં સૂર પુરાવો છો, અને ફેફસાંના દર્દ દ્વારા અસર પામેલ દરેક વ્યક્તિ વતી બોલવામાં સહાય કરો છો. વધુ માહિતી માટે, કૃપા કરીને પાછળ આવેલ ફોર્મ ભરો અને પરત કો.

**સીધી ડેબિટ દ્વારા નિયમિત ભેટ** – નિયમિત દાન જેવું કશું નથી– ભવિષ્યના આયોજનમાં તે અમને ખૂબ મદદ કરે છે.

**નિયમિત રોકડ અને રેફલ અરજીઓ માટે નોંધણી કરાવો–** નિયમિત અરજીઓ મેળવીને અને અમારા રેફલમાં ભાગ લઈને અમારા કામની અદ્યતન જાણકારી રાખો.

**પે રોલ ગીવીંગ** – સીધા તમારા પગારમાથી ફાળો આપવાનો સરળ અને ટેક્સ માટે અસરકારક રસ્તો.

**પ્રસંગોમાં ભાગ લો–** રોમાંચક અને પડકારજનક, અમારા કોઈપણ પ્રસંગમાં તમે હિસ્સો લઈ શકો છો અથવા અમી સહાય સાથે તમારી જાતે આયોજન કરી શકો છો.

**તમારી કંપનીને સામેલ કરો–** તમારા એમ્પ્લોયર તમને, અને અમને, અનેક રીતે સહાય કરી રાકે છે – વર્ષની ચેરિટી તરીકે થી લઈને, ભેગી કરેલ રકમ જેટલી રકમ આપીને.

**કોઈના માનમાં ભેટ – સંભારણાની** ભેટ તરીકે દાન આપો અથવા **બ્રીથ ઑફ લાઈફ ટ્રિબ્યુટ ફંડ** ખોલો – સ્વજનોની યાદમાં દાન આપવું તે કોઈ ખાસ વ્યક્તિને યાદ કરવાનો ખૂબ અંગત પ્રકાર છે. આ વાતને યાદ રાખતાં અમે બ્રીથ ઑફ લાઈફ ફડની સ્થાપના કરી છે જે તમારા સ્વજનની યાદમાં અમને સહાય કરવામાં તમને મદદ કરે છે.

**મોટો ફાળો આપનાર પ્રાયોજક બનો–** કૃપા કરીને હેડ ઑફ ફંડરેઈઝીંગનો 020 7688 5587 પર સંપર્ક કરો.

**વારસો છોડો** – જ્યારે તમે વસિયત બનાવો, ત્યારે તમને તમારા સ્વજનો માટે કંઈક વ્યવસ્થા કરવાનો મોકો જ નથી મળતો બલકે ફેફસાંની સમસ્યા સાથે જીવતાં લોકો માટે સારા ભવિષ્યનું નિર્માણ કરવાની પણ તક મળે છે.

**અત્યારે જ દાન આપો** – પાછળનું ફોર્મ ભરીને તમે અત્યારે જ દાન આપી શકો છો.

COPD-08